ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ/જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિઓ ધ્વારા પસંદ કરાયેલ ઉમેદવારોની પસંદગી યાદીઓ તેમજ પ્રતિક્ષા યાદીઓ તૈયાર કરવા બાબત...

ગુજરાત સરકાર,
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મકમ/૪૦૯૮/૪૫૭૭/૨૮૫૦/૮૯/ખ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૨ / ૬ /૧૯૮૯.

-:: ઠ રા વ ::-

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ/જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિઓએ સરકારના પંચાયત,ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગના તારીખ:૨૯ ૫/૧૯૮૨ ના પરિપત્ર ક્રમાંક:પીઆરઆર/૧૦૮૦/૧૪૦/૮૨/ખ, અને તા.૫/૪/૧૯૮૩ ના પરિપત્ર ક્રમાંક: ૧૦૮૦/૧૭૫૨/૮૩/ખ, અન્વયે આપવામાં આવેલી સુચનાઓ અનુસાર પસંદગીયાદીઓ /પ્રતિક્ષા યાદીઓ તૈયાર કરવાની હોય છે. આમ છતાં સરકારના ધ્યાન ઉપર એમ આવ્યું છે કે, કેટલીક જિલ્લા પંચાયતો પસંદગી યાદીઓ અને પ્રતિક્ષાયાદીઓ ભેગી જ તૈયાર કરે છે. જ્યારે કેટલીક જિલ્લા પંચાયતોપસંદગી યાદીઓ તૈયાર કરવામાં કોઈ પ્રમાણ સાચવતી નથી અને કેટલીકવાર તેને પરિણામે જિલ્લા પંચાયતો તેમજ રાજ્ય સરકારને બિનજરુરી રીતે કાયદાકીય વિવાદમાં ખેંચાવું પડે છે. આવી પરિસ્થિતિ ટાળવા અને આ બાબતમાં એકવાકયતા જાળવવા આમાં સરકાર નીચે પ્રમાણે હુકમો કરે છે :-

(૧) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ/જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિઓએ જે વર્ષે જે જગાઓ માટે ભરતી કરવા જાહેરાતો આપે તેમાં ઉપલબ્ધ ખાલી જગાઓ તેમજ તે વર્ષના ડિસેમ્બર માસ સુધીમાં ચોકકસપણે ઉપલબ્ધ થનાર ખાલી જગાઓ ગણતરીમાં લઈ ઉકત ખાલી જગાઓની સંખ્યા પુરતી જ જાહેરાત આપવી અને ત્યારબાદ યોજવામાં આવેલી પરીક્ષાના પરિણામને અનુલક્ષી ગુણાનુક્રમ અનુસાર જાહેરાતમાં જણાવેલી જગાઓની સંખ્યા જેટલા જ ઉમેદવારોની એક પસંદગીયાદી તૈયાર કરવી. જાહેરાતમાં જણાવેલી જગાઓની સંખ્યા કરતાં વધારે ઉમેદવારોની પસંદગી યાદી કોઈ પણ સંજોગોમાં બનાવવી નહીં.

N 1989

(૨) સરકારના સ્થાયી નિયમો/હુકમો અન્વયે પંચાયત સેવામાં પણ અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, તેમજ શારિરીક ખોડખાંપણવાળા તેમજ માજી સૈનિકો માટે અનામત જગાઓ રાખવાની હોય છે. જાહેરાતમાં જણાવેલી જગાઓમાં આ જાતિઓના ઉમેદવારો માટે જેટલી અનામત જગાઓ રાખવામાં આવેલ હોય તેટલા અનામત ઉમેદવારોનો, જાહેરાતમાં જણાવેલી ખાલી જગ્યાઓની કુલ સંખ્યાની મર્યાદામાં રહીને પસંદગી યાદીમાં સમાવેશ કરવો.

(૩) જાહેરાતમાં જણાવેલી જગાઓની સંખ્યા ઉપરાંત પાછળથી ઉપલબ્ધ થતી જગાઓ માટે ફરી જાહેરાત આપવી. કોઈ પણ સંજોગોમાં અગાઉની જાહેરાતમાં જણાવવામાં આવેલી જગાઓની સંખ્યા ઉપરાંતની જગાઓ ઉપર પસંદગીયાદી / પ્રતિક્ષાયાદીમાંથી કોઈ પણ ઉમેદવારને નિમણુંક આપવી નહીં.

(૪) જાહેરાતમાં જણાવેલી જગાઓને સંખ્યાના ૧૦ % સંખ્યા જેટલા ઉમેદવારોની પ્રતિક્ષાયાદી રાખવી, જેમાં જરુરિયાત/નિયમો પ્રમાણે અનામત ઉમેદવારોનો પણ સમાવેશ કરવો. આ પ્રતિક્ષા યાદીનો ઉપયોગ પસંદગી યાદીમાં સમાવિષ્ટ થયેલા ઉમેદવારો નિમણુંકની જગ્યાએ હાજર ન થતાં ઉપલબ્ધ થયેલી ખાલી જગાઓ ઉપર નિમણુંકો માટે જ કરવો.

(૫) જ્યારે પસંદગી યાદીમાં સમાવિષ્ટ થયેલા કોઈ અનામત ઉમેદવાર તેમની નિમણુંકના સ્થળે હાજર થવામાં નિષ્ફળ જશે ત્યારે પ્રતિક્ષા યાદી ઉપરના ગુણાનુક્રમ પ્રમાણે નિમણુંક માટે આગળ આવતા અન્ય અનામત ઉમેદવારને નિમણુંક આપવા સમિતિએ ભલામણ કરવાની રહેશે. પરંતુ કોઈ સંજોગોમાં નિયત કરાયેલા અનામત ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તે સંજોગોમાં પસંદગી સમિતિએ તે અનામત ''કેરી ફોરવર્ડ'' એટલે કે, આગળ ખેંચવાની રહેશે અને બીજી ખાલી જગાઓ ભરવાના પ્રસંગે તેનો સમાવેશ તે જગાઓમાં કરવાનો રહેશે.

(૬) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ/જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિઓએ આ પ્રકારે તૈયાર કરેલ પ્રતિક્ષા યાદી એક વર્ષ માટે અથવા તે જગાઓની ભરતી માટેની બીજી જાહેરાતનાં પરિણામ પ્રસિધ્ધ થાય તે બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે.

Scanned by CamScanner

૭૭/C

૨. આ વિભાગના તારીખ: ૨૯/૫/૧૯૮૨ અને તારીખ: ૫/૪/૧૯૮૩ ના પરિપત્રો આથી રદ કરવામાં આવે છે.

3. ઉપરોકત હુકમોનો ચુસ્તપણે અમલ કરવો, ઠરાવ મળ્યાની પહોંચ મોકલવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મહેશ રાવ )
નાયબ સચિવ,
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

(૧) વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૨) સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, એલ.ડી.એન્જી.કોલેજ કંપાઉન્ડ, અમદાવાદ.

(3) સચિવશ્રી, સર્વે જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિઓ. } રજી.પો.એડી.

(૪) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

તેમના નિયંત્રણ હેઠળના સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને આ વિભાગનો જાણ હેઠળ જાણ કરવાની વિનંતી સાથે.

(૫) સચિવાલયના સર્વે વિભાગો.

(૬) સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, બ્લોકનં.-૧, પહેલે માળે જુના સચિવાલય, ગાંધીનગર.

(૭) સામાન્ય વહીવટ વિભાગ, ગ-૨, શાખા, સચિવાલય, ગાંધીનગર.

(૮) પસંદગી ફાઈલ / મદદનીશ શાખા.

પટેલ/૧૨-૬/૮૮.